૨૦૯૮૮/૨૦૧૨

ક્રમાક:/આઇસીડીએસ/યોજના-૨/જર્જરીત આં.વા.કે./ડીમોલીશ
બાંધકામ/૨૦૧૩-૧૪/......../૨૦૧૩
કમિશ્નરશ્રી,મહિલા અને બાળ વિકાસની કચેરી,
બ્લોક નં.૧૬/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર,
તા. ૯/૦૬/૨૦૧૩

વંચાણે લીધા :-

૧. ગુજરાત સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગનો સરખા ક્રમાકનો તા: ૩૦/૦૬/૨૦૧૨ નો ઠરાવ

૨. નિયામકશ્રી મહિલા અને બાળ વિકાસ નં./ યોજના૨/ આઇસીડીએસ /જર્જરીતઆં.વા.કે./ ડીમોલીશ-બાંધકામ/ન્યુ આઇટમ/૨૦૧૩-૧૪/૨૭૦૨/૦૩/૨૦૧૩.નો તા: ૦૯/૦૨/૨૦૧૩ પત્ર.

૩. ગુજરાત સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગનું ૨૦૧૩-૧૪ નાં વર્ષ માટેનું અંદાજપત્રમાં આંગણવાડી કેન્દ્રો તોડીને પુન: નિર્માણ કરવાની જોગવાઇ કરવામાં આવી છે.

૪. નિયામકશ્રી મહિલા અને બાળ વિકાસ નં./ યોજના૨/ આઇસીડીએસ /જર્જરીતઆં.વા.કે./ન્યુ આઇટમ/૨૦૧૩-૧૪/પ્લાન/વહિવટી મંજુરી/૨૫૧૩/૧૫/૨૦૧૩.નો તા: ૨૬/૦૩/૨૦૧૩ પત્ર.

૫. ગુજરાત સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગનો સરખા ક્રમાકનો તા: ૨૯/૦૪/૨૦૧૩ નો ઠરાવ

પરિપત્ર :-

આઇસીડીએસ યોજના હેઠળ રાજયમાં હાલમાં કુલ ૫૦૨૨૬ આંગણવાડીઓ રાજયના ૩૩૬ ઘટકોમાં મંજુર થયેલ છે જે પૈકી ૫૦૨૨૫ આંગણવાડીઓ કાર્યાન્વિત છે.આ ૫૦૨૨૫ કાર્યારત આંગણવાડી પૈકી આશરે ૧૭૪૦ જેટલી આંગણવાડી કેટેગરી 'અ' મુજબે ખુબ જર્જરીત હાલતમાં છે. આ આંગણવાડીને ઉતારી પાડીને (ડીમોલેશન) સ્થળે નવી આંગણવાડી બનાવવાનું આયોજન વિચારણા હેઠળ છે. એક જર્જરીત આંગણવાડી તોડીને પાડવાનો ખર્ચ અંદાજે રૂા. ૫૦,૦૦૦/- થવા અંદાજ છે. તેમજ સરકારશ્રીના પ્રવર્તમાન ઠરાવની જોગવાઇ પ્રમાણે એક આંગણવાડીના મકાન બાંધકામ માટે રૂા.૫.૫૦ લાખ યુનિટ કોષ્ટ નિયત થયેલ છે.

૨. વિભાગના તા.૨૯/૪/૨૦૧૩ના વંચાણે લીધેલા ક્રમાંક (૫) થી મળેલ વહિવટી મંજુરી અન્વયે જર્જરીત આંગણવાડી તોડી પાડવાની અંદાજીત રકમ રૂ.૫૦,૦૦૦/- તેમજ બાંધકામની અંદાજીત રકમ રૂ.૫.૫૦ લાખ મળી પ્રતિ આંગણવાડી રૂ.૬,૦૦,૦૦૦/- મુજબે કુલ ૧૬૬ જર્જરીત આંગણવાડી કેન્દ્રોના નવેસરથી બાંધકામ માટે કરવામાં આવેલ કુલ રૂ.૧૦.૦૦ કરોડની વહિવટી મંજુરી મળેલ છે.તેથી જર્જરીત આંગણવાડીઓની કામગીરી અન્વયે નીચે પ્રમાણે પરિપત્ર કરવામા આવે છે.

૩. જર્જરીત આંગણવાડીઓની કામગીરી નીચેની શરતોને આધિન કરવાની રહેશે.

શરતો :

૧. ૨૦૧૩-૧૪ના વર્ષની બજેટ જોગવાઇને આધીન રહીને નાંણા વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાંન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

૨. જે હેતુ માટે ગ્રાંન્ટ ફાળવણી કરવામાં આવી છે તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે.

૩. યોજના અંગેનો ખર્ચ સરકારશ્રી દ્વારા નક્કી કરવામાં આવેલ જોગવાઇ મુજબ તથા લાગુ પડતા ધારાધોરણને આધિન નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

૪. બાંધકામની યોજના માટે વિભાગે માર્ગ અને મકાન વિભાગના જે તે જિલ્લાના એસ.ઓ.આર. મુજબ નકશા અંદાજો રજુ કરીને સક્ષમ અધિકારીની વહિવટી/તાંત્રિક મંજુરી મેળવી લેવાની રહેશે.

૫. પ્રસ્તુત કામે ટેન્ડર પ્રોસેસીંગ બાબતમાં ઉધોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ના ઠરાવ ક્રમાંક SPO/૧૦૨૦૦૫/૧૪૦૭/CHH અન્વયે ઇ-ટેન્ડરીંગ બાબતમાં કરવામાં આવેલ જોગવાઇઓ/સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશ.

૬. વર્ષના અંતે જો કોઇ બચત રહે તો પરત કરવાની રહેશે.

૭. આ યોજનાનો અમલ તા.૧/૪/૨૦૧૩ થી કરવાનો રહેશે.

૮. આંગણવાડી બાંધકામની ટાઇપ ડિઝાઇન પ્રમાણે કાર્યવાહી કરવાની રહેશે જેની યુનિટ કોસ્ટ રૂ.૫.૫૦ લાખની રહેશે.

૯. આંગણવાડી બાંધકામની ટાઇપ ડિઝાઇનમાં દર્શાવેલ નોટીશ બોર્ડ બનાવવાનુ રહેશે.

૧૦. જર્જરીત આંગણવાડીઓની ખરાઇ કાર્યપાલક ઇજનેરશ્રી (માં.મ) પાસેથી પ્રમાણપત્ર મેળવી લેવાનું રહેશે.

૧૧. જર્જરીત આંગણવાડી તોડી પાડવાની પરવાનગી જિલ્લાવિકાસ અધિકારીશ્રી પાસેથી મેળવવાની રહેશે.

૧૨. જર્જરીત આંગણવાડી તોડી પાડવાની અંદાજીત રકમ રૂ.૫૦,૦૦૦/- તેમજ બાંધકામની અંદાજીત રકમ રૂ.૫.૫૦ લાખ મળી પ્રતિ આંગણવાડી રૂ.૬,૦૦,૦૦૦/- રાખવામાં આવેલ છે.

૧૩. જર્જરીત આંગણવાડી તોડી નાંખવામાં ઉપયોગી વસ્તુઓ જેવીકે ઇંટો,પતરા,બારી-બારણા વગેરેની Dismental Credit અંદાજપત્રકમાં લઇ તે મુજબની કાર્યવાહી કરવાની રહેશે.

૧૪. નંદઘરમાં " બાલા -ડીઝાઇન " મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

કમિશ્નર
આઇસીડીએસ
મહિલા અને બાળ વિકાસ
ગાંધીનગર

પ્રતે ,

૧.નાયબ સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ , સચિવાલય ,ગાંધીનગર

૨.જિલ્લા વિકાસ અધિકારીશ્રી , જિલ્લા પંચાયત કચેરી-તમામ.

૩.પ્રોગ્રામ ઓફીસરશ્રી આઇસીડીએસ, જિલ્લા પંચાયત કચેરી-તમામ.

૪. આમિત ગોર (એમ.આઇ.એસ કન્શલ્ટન્ટ)તરફ સદરહુ પરિપત્ર ઓન લાઇન મુકવા સારૂ.